## પિતાશ્રીની વિનંતી...
## બાપજીની પધરામણી અમારે ઘેર

# પ્રવાસી અવધૂત - તૃતીય પુષ્પ

**૧૯** - પૂજ્ય જમીયતરામકાકા

### ભરૂચથી વડોદરા

[ તા. ૨૮, ૨૯ -૬-૬૩ ]

વડોદરાના એક ભકત અંબાલાલ પટેલ વડોદરામાં હાથી-પોળમાં રહે છે. વરસોથી શ્રી. અવધુતજી વડોદરા પોતાને ત્યાં પધારે એમ તેમની અંતરની ઇચ્છા. ઘણીએ વાર શ્રી. અવધુતજીને એમણે વડોદરા પોતાને ત્યાં પધારી કૃતાર્થ કરવા વિનવ્યા પણ ખરા ! શ્રી. અવધુતજી વડોદરા પધાર્યા પણ ખરા પણ એમને જવાનો યોગ ના આવ્યો. અને આજ સુધી એ વાત લંબાઈ શ્રી. અવધુતજી આ પ્રવાસમાં સૂરત પધાર્યા ત્યારે એ ભાઇએ અને તેમના મિત્રોએ શ્રી. અવધુતજીને વિનંતિ કરી. શ્રી. અવધુતજીએ

"ઢોલ ન પીટવાના હોય તો એક દિવસ આવીશ."

અને પેલા ભાઇઓએ એ વાતનો સ્વીકાર કર્યો. શ્રી. અવધુતજીને પણ એ ભાઇની ઘણા વખતની અભિલાષા સંતોષવી હતી. અને તેથી ભરૂચથી આગળ જતાં તા. ૨૮ મીએ સૌરાષ્ટ્ર એક્ષપ્રેસમાં વડોદરા ઉતરવાનું નક્કી થયું. અને તે પ્રમાણે અંબાલાલભાઇનાં માણસોને સૂચના પણ આપવામાં અવી. એ બધા ભાઇઓ અગાઉ શ્રી. અવધુતજીનો મુકામ કુંભારીઆ હતો ત્યારે પણ પ્રાર્થના કરવા આવેલા પણ ત્યારે નિશ્ચિત જવાબ મળ્યો ન હતો એટલે જ સૂરત એ ભાઇઓ આવ્યા હતા.

અંબાલાલભાઇના આનંદનો પાર ન રહ્યો. વરસોની પોતાની ઇચ્છા આમ પૂરી થશે જાણી તેમણે એ પ્રસંગ માટે તૈયારીઓ કરવા માંડી. તેમના મિત્રોએ પણ તેમને સક્રીય સહાય આપી અને જોતજોતામાં તો તા. ૨૮-૬-૬૩ આવી પણ ગઈ. ભરૂચ મોતીભાઈ વીણુ વકીલને ત્યાં શ્રી. અવધુતજીનો વિસામો હતો



ત્યાં તા. ૨૮ મીએ અંબાલાલભાઈ તરફથી બે મિત્રો શ્રી. અવ-ધુતજીને વડોદરા તેડી જવા આવ્યા અને ઠરાવ પ્રમાણે તા. ૨૮-૬-૬૩ ના દિવસે સૌરાષ્ટ્ર એક્ષપ્રેસમાં શ્રી. અવધુતજી વડોદરા પધાર્યા.

વડોદરા છેલ્લા પધાર્યાને લાંબો વખત વિત્યો હતો. કોઇ કોઈને ન કહે પણ શ્રી. અવધુતજીનું મુખપત્ર તો એ વાત જાહેર કરેજ ને ? શ્રી. અવધુતજીનું વળી મુખપત્ર શું ? તમને નવાઇ લાગશે.

શ્રી. અવધુતજીને ત્યાં શ્રી. દ્વારકાપીઠના જગદ્‌ગુરુ શ્રી. શંકરાચાર્યજી મહેમાન થયા.

શંકરાચાર્યજીએ પુછ્યું: સંસ્થાકા કોઇ મુખપત્ર નહીં હૈ ?'

શ્રી. અવધુતજીએ કહ્યું: 'હૈ તો ! બિના મુખપત્ર ઇસ જમાનેમે કૈસે ચલ સકતા હૈ ?'

શ્રી. અવધૂતજીએ કહ્યું 'આપકે વહાં તો કયા, સબકે વહાં ભેજા જાતા હૈ. ઔર હમારે સંપ્રદાય અનુસાર કિસીકે પાससे ભી ઉસકા લવાજમ ( Subscription-ચન્દા ) નહીં લિયા જાતા હૈ. સબકો ઐસે હી બિના મૂલ્ય ભેજા જાતા હૈ.'

આચાર્યશ્રીએ કંઈક આશ્ચર્ય જેવું બતાવતાં પૂછ્યું: ઉસકા નામ કયા હૈ ?'

શ્રી. અવધૂતજીએ ચારે બાજુ આંગળી ફેરવતાં કહ્યું: 'યહ જો ચારોં ઓરસે હવા ચલ રહી હૈ વહી હમારા મુખપત્ર હૈ. ઔર ઈસકા સંપાદક ( Editor ) સ્વયં શ્રીભગવાન હૈ. અવધૂતને ઇસમેં આજ તક ન તો એક શબ્દ લિખા હૈ, ન ભવિષ્યમેં લિખેગા હી.'

આ સાંભળી જગદ્‌ગુરુ આનંદથી દિઙ્મૂઢ થઈ જોતા જ રહ્યા એ કહેવાની જરૂર નથી.

આવા મુખપત્રનું મોં બંધ કરવાનો તો કોઈને અધિકાર નથી. શ્રી અંબાલાલભાઈ ભલે કોઇને ન કહે પણ વાયુવેગે શ્રી અવધૂતજી વડોદરામાં પધારવાના છે એ વાત કર્ણોપકર્ણ પ્રસિદ્ધ થઈ હતી. અનેક ભક્તહૃદય શ્રી. અવધૂતજીનાં દર્શન અર્થે આતુર

હતા. વડોદરાના સ્ટેશન પર ગાડીના સમયે થોડી ભીડ પણ જામી હતી. પણ શ્રી. અવધૂતજી ઉતર્યા વિશ્વામિત્રી સ્ટેશને! ત્યાં પણ ભીડ જામેલી જ હતી.

વિશ્વામિત્રીથી ગાડીમાં શ્રી. અવધૂતજી હાથીપોળમાં શ્રી. અંબાલાલભાઈના મુકામે ગયા. હજારો માણસોની ઠઠ જામી હતી. બધાય કાગને ડોળે શ્રી. અવધૂતજીનાં દર્શનની અને આવવાની રાહ જોતા હતા. રસ્તામાં, લોકોને ઓટલે, બારીએ, અટારીએ અને જ્યાં જુઓ ત્યાં આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષો આતુર આંખે ઊભાં હતાં. ધીમે ધીમે ગાડી આવી અને દર્શન માટે પડાપડી થવા લાગી. ઓટલા ઉપર જ આસન ગોઠવ્યું હતું. ત્યાં શ્રી અવધૂતજી બિરાજ્યા અને દર્શનસત્ર શરૂ થયું. એક એક કરતાં લોકોએ દર્શન કરવાં શરૂ કર્યા આવે, પુષ્પ, ફળફળાદિ, શ્રીફળ ધરાવે અને જાય! એમ એ દર્શનસત્રનો પ્રવાહ ચાલ્યો! કેમે ઓછો ન થાય. દર્શન કરતાં કરતાં એ દર્શનાર્થીઓની આંખોની તૃષા જ ન શમાય! અને પુનઃ પુનઃ દર્શન અર્થે આવે! આમ થોડો સમય ચાલ્યું. જાણે વેગ હળવો પડયો હોય એમ લાગ્યું એટલે શ્રી અવધૂતજી વિશ્રાંતિ અર્થે મેડીએ પધાર્યા. સ્નાન આદિથી નિવૃત્ત થયા ત્યાં તો વડોદરાના પ્રસિદ્ધ ભાગવતાચાર્ય શ્રી નરહરીમહારાજ અકોલકર નિવૃત્ત કમિશ્નર ભક્તહૃદય શ્રી સાસવડકર સાહેબ જેમને ત્યાં પહેલાં શ્રી અવધૂતજીએ બે ત્રણ દિવસ મુકામ કર્યો હતો તેમની સાથે શ્રી. અવધૂતજીને મળવા પધાર્યા ઉભયનું મિલન થયું. આલિંગન થયું અને બંને વાતે વળગ્યા. વાતમાં ને વાતમાં શ્રી નરહરી મહારાજે શ્રી. અવધૂતજીને પોતાના મંદિરમાં પધારવાનું આમંત્રણ આપ્યું અને શ્રી. અવધૂતજીએ તેનો હસતે મુખે સ્વીકાર પણ કર્યો. તા. ૨૯મીએ સવારે ત્યાં જવાનું નક્કી થયું. કેટલીક વ્યક્તિવિશેષ પણ શ્રી. અવધૂતજીનાં દર્શને આવી હતી. અને આમ વાત વાતમાં વેળા વીતી સંધ્યાકાળ થયો. બહાર માનવ-મેદનીએ માઝા મૂકી હતી. દર્શનસત્ર પૂરું થતું જ ન હતું.



અલ્પ ફળાળાહાર, વિશ્રાંતિ પછી એ દર્શનસત્ર પુનઃ શરૂ થયું. અને રાત્રે સુમારે અગિયાર વાગે એ દર્શનનો પ્રવાહ ઓસર્યો. શ્રી. અવધૂતજીએ આરામ કર્યો.

બીજે દિવસે એટલે તા. ૨૯મીએ પ્રાતઃકાળથી શ્રી. અવધૂતજીનો કાર્યક્રમ શરૂ થયો. સ્નાન, ધ્યાનાદિથી નિવૃત્ત થયા ત્યાં તો દર્શન માટે આતુર લોકો બહાર ટોળે વળ્યા જ હતા. તેમને એક એક દર્શન માટે આવવા દેવાનું શરૂ થયું. સુમારે સાતેક વાગે રીટાયર્ડ કમિશ્નર શ્રી સાસવડકર સાહેબ શ્રી. અવધૂતજીને લઈ જવા આવ્યા. તેમની સાથે શ્રી. અવધૂતજી શ્રી. નરહરિ મહારાજને ત્યાં તેમના કલ્યાણરાયજીના મંદિરમાં પધાર્યા. આ મંદિર વૈષ્ણવ સંપ્રદાયનું છે. શ્રીભગવાનના શ્રીવિગ્રહની પૂજા અહીં પુષ્ટિમાર્ગની પ્રણાલિકા અનુસાર કરવામાં આવે છે. અહીં પણ શ્રી. અવધૂતજીનો ભાવભીનો સત્કાર થયો પાદુકાપૂજન વગેરેનો ઔપચારિક વિધિ પૂરો થતાં એ વયોવૃદ્ધ શ્રી નરહરિ મહારાજે જ્યારે શ્રી. અવધૂતજીને વિદાય સમયે આલિંગન કર્યું ત્યારનું દૃશ્ય તો સ્વયં નારાયણ શિવજીને આલિંગન આપતા હોય એવું ખરેખર કોઈ પણ પ્રેમાળ હૃદયને હચમચાવી મૂકે એવું હતું. પરમ વૈષ્ણવ, શ્રીભગવાન કૃષ્ણચંદ્રના ભક્ત અને પ્રેમલક્ષણા ભક્તિના જીવતા પ્રતિકસમા એ વયોવૃદ્ધ સજ્જને ખરેખર શ્રી. અવધૂતજીને પોતાના પ્રેમથી જ આકર્ષી લીધા અને ઉભય જ્યારે જૂદા પડયા ત્યારે એ ઉભયના નેત્રોનાં નેહભર્યા મિલનનાં સંસ્મરણો સાથે જ લેતા ગયા. અહીં પણ દક્ષિણી-ગુજરાતી સમાજ ભેગો થયો હતો. મંદિરમાં તો માણસો માતાં ન હતાં પૂજન કરવાની પોતે તૈયારી કરતા હતા ત્યારે પૂજ્ય શ્રી. અવધૂતજીએ તેમને તેમ કરવા ન દીધું. એટલે તેમના એક અંગત બ્રાહ્મણ દ્વારા ટૂંકમાં વિધિ પતાવી. પણ આરતી તો શ્રી. અવધૂતજીની ના, ના, કહેવા છતાં ય પોતે જ હાથમાં લીધી! એમનો એવો વિશુદ્ધ પ્રેમ જોઈને શ્રી. અવધૂતજીની આંખો પણ ભીની થઈ અને એઓ

પોતે ગળગળા થઈ ગયા. શ્રી. અવધૂતજીનું આવું વીરલ દર્શન અન્યત્ર બહુ થોડા જ ભાગ્યશાળીઓએ જોયું હશે.

ત્યાંથી મુકામ પર પાછા વળતાં માર્ગમાં ગુજરાતના સૂફી સંત શ્રી. સાગર મહારાજના સુપુત્ર ડો. શ્રી. યોગીન્દ્ર ત્રિપાઠી, એમ.એ., પીએચ.ડી., બી.ટી., વેદાંતભૂષણ, જેઓ વડોદરાની સયાજીરાવ યુનિવર્સિટીની આર્ટ્સ ફેકલ્ટીમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે કામ કરે છે તેમને ત્યાં સ્વયં પોતે થઈને જ પધાર્યા શ્રી. યોગીન્દ્રભાઇ શ્રી. અવધૂતજીને પોતાને ત્યાં પધારવાનું આમંત્રણ આપતાં સંકોચાતા હતા. પણ જ્યારે શ્રી. અવધૂતજીએ કહ્યું : 'તું નહીં બોલાવે તો પણ હું તારે ત્યાં આવવાનો જ છું,' ત્યારે યોગીન્દ્રભાઇની આંખો ભીની થઈ હૃદય હચમચી ઊઠયું અને ગદ્ગદ્ કંઠે જ કહ્યું : 'હું કયે મુખે આમંત્રણ આપું ? મન તો થતું જ હતું પણ હામ ન હતી. રખેને આપ......'

'અરે ? શા માટે ? મારે આવવું જ છે !' શ્રી. અવધૂતજીએ જવાબ આપ્યો. અને તેના અનુસંધાનમાં જ શ્રી. અવધૂતજીએ તેમને ઘેર પગલાં કર્યાં. અહીં પણ એક જ રાતના સમયમાં તેમનાથી બને તેવી સુંદર વ્યવસ્થા તેમણે કરી હતી. પોતે કોલેજમાં પ્રોફેસર છે, પોતાના સાથી અને વિદ્યાર્થીઓને બોલાવી સહકારથી શ્રી. અવધૂતજીના સ્વાગતનો સઘળો પ્રબંધ કરી શ્રી. અવધૂતજીના આગમનની વાટ જોતા શ્રી. યોગીન્દ્રભાઈ તેમના કાકા મણિભાઈ ત્રિપાઠી સાથે રાહ જોતા ઓટલા ઉપર જ ઊભા હતા.

શ્રી અવધૂતજીની ગાડી આંગણામાં ઊભી રહી. શ્રી યોગીન્દ્રભાઈએ શ્રી. અવધૂતજીનો પુષ્પહારથી સત્કાર કર્યો. શ્રી. અવધૂતજી તૈયાર કરેલા આસન ઉપર બિરાજ્યા. આત્મીયતાના એ વાતાવરણમાં શ્રી. યોગીન્દ્રભાઇ જાણે દેહનું ભાન ભૂલીને જ વિચરતા હતા. પ્રસંગને અનુરૂપ બે ગીતો પોતે બનાવ્યાં હતાં તે શ્રી. યોગીન્દ્રભાઇએ ગાયાં અને પ્રસાદ વિતરણ પછી બધા વિખેરાયા.



ગીત (૧) દત્ત સ્વરૂપ સમજ લે,
દત્ત સ્વરૂપ સમજ લે,

મન મેરા ! દત્ત સ્વરૂપ સમજ લે. ટેક.
અપની ખુદી કો જલા દે;
મન મેરા ! દત્ત સ્વરૂપ સમજ લે. ૧

દત્તનામ જિન્હેં દે દિયા સબકુછ; રખા કછુ નહીં પાસ;
ગ્યાન બિરાગકી જ્યોત જલે વહા; અષ્ટ પ્રહર ઉલ્લાસ.
મન મેરા ! ૦ ૨

બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તિનુંકા દત્ત એક સ્વરૂપ;
જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ મિથ્યા, સત્ય તુરીય સ્વરૂપ;
મન મેરા ! ૦ ૩

કહા દત્તને ગીતામેં જો અચલ અવધૂતસ્વરૂપ;
તીવ્ર વિરાગી હોકર ઐસા હોતા શુદ્ધ સ્વરૂપ.
મન મેરા ! ૦ ૪

ગીત (૨) રંગ પરમ અવધૂત ?
દેખો રંગ પરમ અવધૂત !

માયા કો જીને સ્પર્શ કિયો નહીં; ભાગી ઉસસે દૂર,
દેખ લિયો જીને દત્ત સ્વરૂપમેં સકલ જગતુકા નૂર.
રંગ...૧

સત્ત્વ રજસ તમસે નહીં નેહા; શૂન્ય શિખર પર તાર;
અવધૂતી મસ્તીમેં જીસને પાયા જીવન સાર.
રંગ...૨

માયા કો જીને રંગ લાગ્યો ના, રંગમેં રહ્યો અરંગ:
દત્તનામકી ધૂન મચાકે જીત લીયો જીને રંગ.
રંગ....૩

શ્રી. અવધૂતજી જ્યારે પાછા અંબાલાલભાઈને મુકામે નવેક વાગે પધાર્યા ત્યારે તો માનવમેદનીએ માઝા મૂકી હતી. શ્રી. અવધૂતજીને પ્રવેશદ્વાર સુધી જવાને પણ જગ્યા મળતી ન હતી. સ્વયંસેવકોએ મહામુશ્કેલીથી માર્ગ કર્યો અને શ્રી. અવધૂતજીએ અંદર પ્રવેશ કર્યો. પુનશ્ચ દર્શનસત્ર શરૂ કર્યું અને આંગતુકો દર્શન કરીને પોતાને સ્થળે જવા લાગ્યા. દર્શનાર્થીઓનો આ પ્રવાહ થંભાવી શકાય એમ ન હતું. અને ઓછો થાય એમ પણ ન હતું. કારણ કે બપોરના સૌરાષ્ટ્ર એક્ષપ્રેસમાં શ્રી. અવધુતજી અજપુરા જવા માટે આણંદ પધારવાના છે એવી વાતો વાયુમાં વહેતી થઇ હતી અને તે સાચી પણ હતી. એટલે દર્શનભૂખ્યા લોકો દર્શન માટે પડાપડી કરે એમાં આશ્ચર્ય જેવું પણ ન હતું.

શ્રી. બુદ્ધદેવ મહારાજનું નામ તો તમે સાંભળ્યું હશે! હમણાં તે વાસદ પાસે મહી નદીને કિનારે રહે છે. તેમણે શ્રી. અવધૂતજીના આગમનના સમાચાર સાંભળી પોતાની દર્શનની ઈચ્છા વ્યકત કરતાં સંદેશો લઇ શ્રી. રમણલાલ ગોળવાળા વલસાડવાળાને મોકલ્યા હતા. તેમણે શ્રી. અવધૂતજીને કાને એ વાત નાખી. ‘હું બે વાગ્યા સુધી અહીં છું. પોતે પધારશે તો મને આનંદ થશે.’ શ્રી. અવધૂતજીએ ઉત્તર આપ્યો અને એ ભાઇ ગયા.

શ્રી. અવધૂતજી ડો. શ્રી. યોગીન્દ્રભાઈને મુકામેથી શ્રી. અંબાલાલભાઈને ત્યાં પધાર્યા ત્યારે ત્યાં શ્રી. અવધૂતજીની પાદુકાના પૂજનની તૈયારીઓ ચાલતી હતી. સમય થતાં ખૂબ જ ઠાઠમાઠથી વિપ્રસમાજે પાદુકાપૂજનનો પ્રારંભ કર્યો અહીં પણ લોકો સમાતા ન હતા. પાદુકાપૂજન સમાપ્ત થતાં દત્તબાવનીનો સમય થયો અને શ્રી. અવધૂતજી પધાર્યા શ્રી. અવધૂતજીનો શ્રી. અંબાલાલભાઇએ પુષ્પહારથી સત્કાર કર્યો. દત્તબાવની આરતી વગેરે પછી શ્રી. અવધૂતજીએ યજમાનને પ્રસાદ આપ્યો. વિપ્રસમાજનો સત્કાર કર્યો અને આમ પાદુકાપૂજન પૂરું થયું.



અહીં સુમારે સાડા દસે શ્રી. અવધૂતજી ભિક્ષા મિષે ઊઠયા. અને દર્શનસત્ર તત્પુરતું બંધ કરવામાં આવ્યું.

ભોજન પછી સામાન્ય રીતે બે કલાકનો આરામ લેવાનો શ્રી. અવધૂતજીનો નિયમ છે. આરામ તો ઠીક છે પણ એ નિમિત્તે લોકબાધાથી મુકત એકલા બ્રહ્મચિંતનમાં રહી શકાય એ આરામની પાછળનો હેતુ છે. અવધૂતજીની આરામની વ્યાખ્યા જ ‘आसमन्तात् राम: यस्मिन्’ જેમાં ચારે (બાજુ) પ્રભુની જ ઝાંખી હોય, અન્ય કોઇ વિચારને સ્થાન ન હોય એ.” વળી શરીર પણ થાકે તો ખરૂં જ ને! શરીર પણ વિશ્રાંતિની અપેક્ષા રાખે તો ખરૂં જ ને? પણ જેની પાછળ પરંપરા છે, જગતમાં મહાન કાર્ય કરવાનું નિમિત્ત સાથે લઈને આવે છે તેને આરામ હરામ હોય છે. પોતાના દેહની શાંતિ અર્થે તેવાઓ ભાગ્યે વિશ્રાંતિ લે છે. તેવાઓનું મન તો પોતાના પરંપરા-મિશન અર્થે સતત વિચારણા યોજનાઓ કરતું જ હોય. અંગત કશો જ સંબંધ ન હોવા છતાં પણ તેમને શારીરિક કે માનસિક વિશ્રાંતિનો ઘણો જ થોડો સમય મળે છે. પણ તેવાઓ પોતાના જન્મનો-જગતમાં જન્મ ધારણ કરવાનો હેતુ શો છે તે જાણે છે. અને તેને અનુરૂપ દેહની પણ સ્પૃહા કર્યા વિના સદા કાર્યરત રહે છે. શ્રી. અવધૂતજીના જીવનનો સરવાળો એટલે લોકસંગ્રહ અને તદર્થે શરીર ઘસી નાંખવાનું લોકોના સંપર્કમાં આવવાનું અને માર્ગ ભૂલ્યા પથિકોને સન્માર્ગ દાખવવાનું! એજ હેતુ એ તેમની પરિવ્રાજક અવસ્થા!

આમ હેતુપુરઃસર જીવન પ્રવાહ વહેવરાવતા શ્રી. અવધુતજીને વિશ્રાંતિ આપવા માટે તેમની સાથેના પ્રસંગોપાત પ્રયાસ કરે તો તેમાં તેમણે પણ પાછા પડવું પડે છે. શ્રી. અવધુતજી તો પોતાના દેવ તરફથી મળેલા આદેશને સિદ્ધ કરવાને તદનુરૂપ પ્રવૃત્તિમાંથી જરાય પાછાં પગલાં કરતા નથી અસ્તુ.

બપોરના સુમારે બે ત્રણના અરસામાં શ્રી. બુદ્ધદેવજી શ્રી. અવધુતજીનાં દર્શન અર્થે અહીં પધાર્યા, ઉભયે આત્મભાવે

આલિંગન કર્યું અને શ્રી. અવધુતજીએ તેમને ઉચ્ચાસન પર સ્થાન આપ્યું. થોડી પરચુરણ વાતો, ઔપચારિક રીતે જ પતાવીને શ્રી. અવધુતજીએ શ્રી. બુદ્ધદેવને સ્વહસ્તે મોસંબીનો રસ આપ્યો. અને શ્રી. બુદ્ધદેવે તે સ્વીકાર્યો. શ્રી. અવધુતજીને હવે વધુ વખત ગાળવો પરવડે એમ ન હતું એમ શ્રી. બુદ્ધદેવજી જાણતા હતા. એટલે તેમણે જ શ્રી. અવધૂતજીની રજા લીધી. વિદાય દેતા પણ શ્રી. અવધૂતજી શ્રી. બુદ્ધદેવજીને નમ્રભાવે ભેટયા અને નમસ્કાર કર્યા, એ પ્રસંગ એમ પૂર્ણ થયો.

હવે ગાડીનો સમય થતો હતો. એટલે સ્ટેશન પર જવાની તૈયારીઓ કરવામાં બધા રોકાયા. સ્ટેશન પર જતાં હજી બે ચાર જગ્યાએ રોકાવાનું હતું. એટલે તે હિસાબ ધ્યાનમાં રાખીને અહીંથી શ્રી. અવધૂતજી લગભગ ત્રણ વાગે રવાના થયા. શ્રી. અંબાલાલભાઈના એક બે સંબંધીઓને ત્યાં રોકાઈ ત્યાંથી શ્રી. અવધૂતજી સીધા અલકાપુરી-સ્ટેશનની બીજી બાજુએ પધાર્યા.

અલકાપુરી વડોદરા શહેરની બહાર પણ વડોદરાના જ અંગભૂત ભાગ તરીકે આવેલી જગ્યા છે. અહીં નવા નવા બંગલાઓ બન્યા છે અને શિષ્ટ સમાજ વસવાટ કરે છે. એ સ્થળ નવું જ નથી. પણ દિન પ્રતિદિન વિકસતું જાય છે. શ્રી. અવધૂતજીના ભક્ત શ્રી ધનજીભાઇ વડોદરાના પ્રભાત સ્ટુડિઓના માલિક છે. તેમણે એ જગ્યામાં બંગલો બનાવ્યો છે. ત્યાં શ્રી અવધૂતજી પધારવાની એમણે પ્રાર્થના કરી હતી.

'જયારે વડોદરા આવીશ ત્યારે જરૂર આવીશ' એવું શ્રી. અવધૂતજીએ એકાદ બે વખત એમણે આશ્વાસન આપ્યું હતું. તદ્નુસાર શ્રી. ધનજીભાઇએ આ તક ઝડપી લઇને શ્રી. અવધૂતજીને પોતાના શબ્દોનું સ્મરણ કરાવ્યું. શ્રી. અવધૂતજીએ ત્યાં પધારવાની હા કહી. તેના સંદર્ભમાં શ્રી. અવધૂતજી અલકાપુરી પધાર્યા બીજાં એક બેન સંખેડાનાં છે તેમણે પણ શ્રી. અવધૂતજીને પ્રાર્થના



## પિતાશ્રીની વિનંતી...
## બાપજીની પધરામણી અમારે ઘેર